GUJTEST

ગુજરાતની દરેક પરીક્ષા, એક જ મંચ પર.

ગુજરાતી માધ્યમ | ધોરણ 6થી 8 | ગણિત-વિજ્ઞાન

TET-2

PYQ

પાછલી પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

DEMO

2011થી 2023

2025ના નવા અભ્યાસક્રમ અને પરીક્ષા માળખાને અનુરૂપ
પસંદ કરેલા પ્રશ્નોનું વિષયવાર સંકલન

જવાબ અને જરૂરી સમજૂતી સાથે

gujtest.com

DEMO COPY

અનુક્રમણિકા

વિષય	પાનાં
1. બાળવિકાસ અને શિક્ષણશાસ્ત્ર	3–13
2. ગુજરાતી ભાષા - વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર	13–20
3. અંગ્રેજી ભાષા - વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર	20–27
4. સામાન્ય જ્ઞાન, તાર્કિકતા, ડેટા અર્થઘટન અને શિક્ષણના વર્તમાન પ્રવાહો	27–40
5. ગણિત - વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર	41–61
6. વિજ્ઞાન - વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર	62–80

GUJDEMO

Independent GUJTEST study material, not an official SEB publication. Selected 2011-2023 PYQs are aligned to the 2025 framework. We do not claim complete coverage of all papers, questions or syllabus topics, or current exam weightage. † marks editor-prepared or edited options. Explanations are independent; noted corrections may differ from historical keys. Errors or omissions may remain; consult official sources. No result is guaranteed. The 2011 Maths-Science subject paper is not included.

સામાન્ય વિભાગ

બાળવિકાસ અને શિક્ષણશાસ્ત્ર

1. સ્કિનરના સિદ્ધાંત અનુસાર સુદૃઢીકરણ આપીને સંકુલ વર્તન શીખવવું એટલે શું?

– વર્ષ 2023

(A) સામાન્યીકરણ
(B) ઘડતર
(C) વિભેદીકરણ
(D) વિલીનીકરણ

ઉત્તર : (B)

ઇચ્છિત વર્તન તરફ જતા નાના પ્રયત્નોને ક્રમશઃ પ્રબલન આપવાથી સંપૂર્ણ વર્તન શીખવાય છે. તેને ઘડતર કહે છે.

2. વિદ્યાર્થીઓમાં સહકારની ભાવનાનો વિકાસ કરવા આપ શું કરશો?

– વર્ષ 2013

(A) સહકારની ભાવના દર્શાવતા ચિત્રો બતાવશો.
(B) રચનાત્મક કામ કરાવશો.
(C) સમૂહમાં કાર્ય કરાવશો.
(D) ઉપદેશ આપશો.

ઉત્તર : (C)

સમૂહકાર્યમાં બાળકો કામ વહેંચે છે, પરસ્પર મદદ કરે છે અને સાથે નિર્ણય લે છે. આથી સહકારનો પ્રત્યક્ષ અનુભવ મળે છે.

3. અભિક્રમિત અધ્યયન સાથે કોનું નામ સંકળાયેલું છે?

– વર્ષ 2017 †

(A) સ્કિનર
(B) થોર્નડાઇક
(C) જૉન ડ્યૂઈ
(D) કોહલર

ઉત્તર : (A)

સ્કિનરના રેખીય અભિક્રમમાં નાના તબક્કા, વિદ્યાર્થીનો પ્રતિભાવ અને તરત પુષ્ટિ મહત્વનાં છે.

4. વ્યક્તિત્વ માપન માટે શાહીના ડાઘાની કસોટીની રચના કોણે કરી હતી?

– વર્ષ 2014 †

(A) કેટલ
(B) રોશાક
(C) બિને
(D) થોર્નડાઇક

ઉત્તર : (B)

રોશાકની કસોટીમાં વ્યક્તિ શાહીના ડાઘાને જોઈને જે અર્થઘટન કરે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. તે પ્રક્ષેપણ પ્રયુક્તિ છે.

5. માઇક્રોટીચિંગ શું છે?

– વર્ષ 2015 †

(A) શિક્ષણપદ્ધતિ
(B) તાલીમ પ્રયુક્તિ
(C) સંક્ષિપ્ત રજૂઆત
(D) અધ્યયન-અધ્યાપન પદ્ધતિ

ઉત્તર : (B)

નાના પાઠ અને થોડા વિદ્યાર્થીઓ દ્વારા એક શિક્ષણકૌશલ્યનો અભ્યાસ કરાવવાની આ તાલીમપ્રયુક્તિ છે.

6. અભિસંધાનમાં ઉદ્દીપકને બદલે પ્રતિચારને અનિવાર્ય ગણનાર કોણ હતા?

– વર્ષ 2012 †

(A) સ્કિનર
(B) કોહલર
(C) થોર્નડાઇક
(D) પાવલોવ

ઉત્તર : (A)

સ્કિનરના કારક અભિસંધાનમાં પ્રાણીના પ્રતિચાર પછી મળતું પરિણામ મહત્વનું છે.

GUJDEMO

7. શીખવતી વખતે જણાય કે તમે શીખવેલું સાચું નથી તો શું કરશો?

– વર્ષ 2011 †

(A) વિદ્યાર્થીઓનું ધ્યાન અન્યત્ર દોરીશ.
(B) અધૂરું કામ જાતે પૂરું કરવા જણાવીશ.
(C) મુદ્દો છોડી બીજા મુદ્દા પર જઈશ.
(D) ભૂલ સ્વીકારીને સાચી બાબત સમજાવીશ.

ઉત્તર : (D)

શિક્ષકે ભૂલ સ્વીકારીને યોગ્ય સમજ આપવી જોઈએ. તેનાથી વિશ્વાસ અને સાચું અધ્યયન બંને જળવાય છે.

8. વર્ગખંડ શિક્ષણ દરમિયાન થતાં અધ્યયન માટેના મૂલ્યાંકનને શું કહે છે?

– વર્ષ 2023

(A) સમાંતર મૂલ્યાંકન
(B) સહ-શૈક્ષણિક મૂલ્યાંકન
(C) સ્વ-અધ્યયન કાર્યનું મૂલ્યાંકન
(D) રચનાત્મક મૂલ્યાંકન

ઉત્તર : (D)

શીખવાની પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીની સમજ તપાસીને જરૂરી મદદ આપવામાં આવે છે. આ રચનાત્મક મૂલ્યાંકન છે.

9. આંતરસૂઝ દ્વારા થતું અધ્યયન કયા મનોવૈજ્ઞાનિકે સમજાવ્યું?

– વર્ષ 2017 †

(A) સ્કિનર
(B) કોહલર
(C) રૂસો
(D) રૂડોલ્ફ

ઉત્તર : (B)

કોહલરના પ્રયોગોમાં પરિસ્થિતિના ભાગો વચ્ચેનો સંબંધ સમજાતાં ઉકેલ અચાનક સૂઝે છે.

10. શિક્ષણ દરમિયાન બ્લેકબોર્ડ પર વિષયવસ્તુ ખોટી લખાઈ જાય તો શિક્ષકે શું કરવું જોઈએ?

– વર્ષ 2014 †

(A) ભણાવવાનું બંધ કરવું
(B) વિદ્યાર્થીઓને ભૂલ શોધવાનું કહેવું
(C) ભૂલ છુપાવી દેવી
(D) બીજી વાતો કરવા લાગવું

ઉત્તર : (B)

વિદ્યાર્થીઓને ભૂલ ઓળખવામાં જોડવાથી સાચી સમજ દૃઢ થાય છે. પછી શિક્ષકે યોગ્ય સુધારો સ્પષ્ટ કરવો જોઈએ.

11. વિદ્યાર્થીનાં માતા–પિતા વચ્ચે અણબનાવ હોય તો તેની સાથે શું કરશો?

– વર્ષ 2011 †

(A) કોઈ ચર્ચા નહીં કરું.
(B) સહાનુભૂતિથી વર્તીશ.
(C) હોસ્ટેલમાં દાખલ થવા જણાવીશ.
(D) માત્ર માતા સાથે ચર્ચા કરીશ.

ઉત્તર : (B)

સહાનુભૂતિ અને વિશ્વાસભર્યો વ્યવહાર બાળકને ભાવનાત્મક આધાર આપે છે.

12. શિક્ષકના વ્યવસાયિક ગુણોના સંદર્ભમાં કઈ બાબત આવશ્યક નથી?

– વર્ષ 2023

(A) શૈક્ષણિક મનોવિજ્ઞાનનું જ્ઞાન
(B) વિષયવસ્તુ પારંગતતા
(C) દરેક કાર્યમાં નિષ્ણાંત
(D) અસરકારક અભિવ્યક્તિ

ઉત્તર : (C)

શિક્ષકને વિષયનું જ્ઞાન અને સમજાવવાની આવડત જરૂરી છે. દરેક ક્ષેત્રના દરેક કાર્યમાં નિષ્ણાત હોવું જરૂરી નથી.

13. વર્ગખંડમાં પોતાના વિચારો પ્રસ્તુત કરતી વખતે શિક્ષક માટે એ ઉચિત રહેશે કે .....
(1) તે સ્વીકારે કે બીજો દૃષ્ટિકોણ પણ હોઈ શકે.
(2) તે સ્વીકારે કે વિદ્યાર્થીઓનો સમૂહ એક ટોળું નથી.
(3) વિરોધી દૃષ્ટિકોણને પણ પોતાના વિચારોમાં સ્થાન આપે.

– વર્ષ 2013

(A) માત્ર 3
(B) 2 અને 3
(C) 1, 2 અને 3
(D) 1 અને 3

ઉત્તર : (C)

ચર્ચામાં જુદા અભિપ્રાય સ્વીકારવા અને દરેક વિદ્યાર્થીને વિચારતી વ્યક્તિ તરીકે માન આપવું જરૂરી છે. તેથી ત્રણેય વિધાન યોગ્ય છે.

14. ક્ષમતાકેન્દ્રી શિક્ષણ સાથે કઈ બાબત સૌથી વધુ લાગુ પડે છે?

– વર્ષ 2012 †

(A) અધ્યયનક્ષેત્રો મુજબ સામાન્ય હેતુઓ
(B) સામાન્ય હેતુઓ ઉપરાંત ક્ષમતાઓ
(C) અધ્યયનક્ષેત્રો મુજબ ક્ષમતાઓ
(D) સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ


ઉત્તર : (C)

વિદ્યાર્થી દરેક અધ્યયનક્ષેત્રમાં કયું કાર્ય કરી શકે તે સ્પષ્ટ કરવું ક્ષમતાકેન્દ્રી શિક્ષણમાં મુખ્ય છે.

GUJDEMO

વર્તુળ-આલેખ આધારિત પ્રશ્નો

એક જિલ્લામાં કુલ 7200 શિક્ષણના કર્મચારીઓ છે. તેમના વર્તુળ-આલેખનો અભ્યાસ કરી નીચે આપેલ પ્રશ્નોના સાચા જવાબ આપો.



પ્રાથમિક શિક્ષકો	40%
ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો	20%
વિધાસહાયકો	25%
કેળવણી નિરીક્ષક	5%
આચાર્ય	10%

288. વિધાસહાયકો કેટલા ટકા છે?

– વર્ષ 2013

(A) 20
(B) 25
(C) 40
(D) 5

ઉત્તર : (B)

વર્તુળ-આલેખમાં વિધાસહાયકોનો હિસ્સો 25% દર્શાવેલો છે.

289. ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા કેટલી છે?

– વર્ષ 2013

(A) 18
(B) 1440
(C) 3600
(D) 20

ઉત્તર : (B)

કુલ કર્મચારીઓ 7200 છે. ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો 20% હોવાથી 7200 × 20 ÷ 100 = 1440.

290. પ્રાથમિક શિક્ષકોની સંખ્યા માટે કેટલા અંશ માપ દર્શાવેલ છે?

– વર્ષ 2013

(A) 72°
(B) 180°
(C) 90°
(D) 144°

ઉત્તર : (D)

પ્રાથમિક શિક્ષકોનો હિસ્સો 40% છે. તેથી કેન્દ્રકોણ 360° × 40 ÷ 100 = 144° થાય છે.

291. સૌથી ઓછી સંખ્યા કયા કર્મચારીઓની છે?

– વર્ષ 2013

(A) આચાર્ય
(B) વિધા સહાયક
(C) પ્રાથમિક શિક્ષકો
(D) કેળવણી નિરીક્ષક

ઉત્તર : (D)

આલેખમાં કેળવણી નિરીક્ષકોનો હિસ્સો 5% છે, જે અન્ય તમામ વર્ગ કરતાં ઓછો છે.

GUJDEMO

ગણિત-વિજ્ઞાન

ગણિત : વિષયવસ્તુ

292. નીચેનામાંથી કયો રોમન અંક ખોટો છે?

– વર્ષ 2023

(A) LXII
(B) LXXX
(C) LC
(D) XLIV

ઉત્તર : (C)

રોમન અંકોમાં L ને C ની આગળ મૂકીને બાદબાકી કરી શકાતી નથી. તેથી LC ખોટું છે.

293. 40,000 ચોરસ મીટર એટલે કેટલા ચોરસ હેક્ટોમીટર?

– વર્ષ 2013 †

(A) 0.4
(B) 4
(C) 40
(D) 400

ઉત્તર : (B)

1 હેક્ટોમીટર = 100 મીટર. તેથી 1 ચોરસ હેક્ટોમીટર = 10, 000 ચોરસ મીટર અને 40, 000 ÷ 10, 000 = 4.

294. 400 હેક્ટરમાંથી 40 હેક્ટરમાં ઘઉં છે. વર્તુળ-આલેખમાં તેનો ખૂણો કેટલો બતાવશો?

– વર્ષ 2017 †

(A) 10°
(B) 40°
(C) 90°
(D) 36°

ઉત્તર : (D)

કુલના 40/400 ભાગ માટે ખૂણો = (40/400)×360° = 36°.

295. 4 અને 10 વડે નિઃશેષ ભાગી શકાય તેવી નાનામાં નાની ધન પૂર્ણાંક સંખ્યા કઇ છે?

– વર્ષ 2014 †

(A) 10
(B) 14
(C) 20
(D) 40

ઉત્તર : (C)

4 અને 10 નો લ.સા.અ.20 છે.

296. 85, 97, 72, 76, 84, 92, 88, 73, 87, 99 નો મધ્યસ્થ કેટલો છે?

– વર્ષ 2015 †

(A) 85
(B) 84
(C) 82
(D) 86

ઉત્તર : (D)

ચડતા ક્રમમાં પાંચમો અંક 85 અને છઠ્ઠો 87 છે. મધ્યસ્થ = (85+87)/2 = 86.

297. √(14 1/16) = ...

– વર્ષ 2012 †

(A) 4 1/4
(B) 3 3/4
(C) 3 1/4
(D) 2 1/4

ઉત્તર : (B)

14 1/16 = 225/16. તેનું વર્ગમૂળ 15/4 એટલે 3 3/4 છે.

298. x =3 હોય તો$(-x)^x$નું મૂલ્ય કેટલું થાય?

– વર્ષ 2014 †

(A) −27
(B) −9
(C) 9
(D) 27

ઉત્તર : (A)

$(-3)^3 = -27$.

299. સાઇકલના પૈડાને 48 આરા છે. બે આરા વચ્ચે કેટલા અંશનો ખૂણો બને?

– વર્ષ 2023

(A) 7.5°
(B) 5.5°
(C) 3.75°
(D) 0.48°

ઉત્તર : (A)

સમાન અંતરે આવેલા બાજુબાજુના બે આરા વચ્ચેનો ખૂણો = 360° ÷ 48 = 7.5°.

GUJDEMO

300. 6000 ના 25% કેટલા થાય?

– વર્ષ 2013 †

(A) 150
(B) 600
(C) 1500
(D) 2400

ઉત્તર : (C)

6000 × 25 ÷ 100 = 1500.

301. ઘડિયાળમાં 6:20 વાગ્યે બે કાંટા વચ્ચેનો નાનો ખૂણો કેટલો હોય?

– વર્ષ 2017 †

(A) 75°
(B) 70°
(C) 65°
(D) 60°

ઉત્તર : (B)

મિનિટકાંટો 120° અને કલાકકાંટો 180°+10°=190° પર છે. તફાવત 70° થાય.

302. કયું સૂત્ર સાચું નથી?

– વર્ષ 2012 †

(A) ખરાજાત = મૂળકિંમત − વેચાણકિંમત
(B) નફો = વેચાણકિંમત − પડતરકિંમત
(C) ખોટ = પડતરકિંમત − વેચાણકિંમત
(D) પડતરકિંમત = મૂળકિંમત + ખરાજાત

ઉત્તર : (A)

મૂળકિંમતમાં વધારાનો ખર્ચ ઉમેરવાથી પડતરકિંમત મળે છે. ખરાજાત એટલે ખરીદી સાથે સંકળાયેલો વધારાનો ખર્ચ.

303. A = {x : x એ 2 થી નાની અવિભાજ્ય સંખ્યા છે} તો A કયા પ્રકારનો ગણ છે?

– વર્ષ 2015 †

(A) પૂરક ગણ
(B) સાંત ગણ
(C) અનંત ગણ
(D) ખાલી ગણ

ઉત્તર : (D)

સૌથી નાની અવિભાજ્ય સંખ્યા 2 છે. તેનાથી નાની એવી કોઈ સંખ્યા નથી, તેથી ગણ ખાલી છે.

304. 2 1/3 ની વ્યસ્ત સંખ્યા કઈ છે?

– વર્ષ 2014 †

(A) 7/3
(B) 3/7
(C) −7/3
(D) −3/7

ઉત્તર : (B)

2 1/3 =7/3 છે. તેની વ્યસ્ત સંખ્યા 3/7 છે.

305. 0.7499 કઈ બે સંખ્યાઓ વચ્ચે છે?

– વર્ષ 2023

(A) 0.7 અને 0.74
(B) 0.749 અને 0.75
(C) 0.75 અને 0.79
(D) 0.74992 અને 0.75

ઉત્તર : (B)

દશાંશસ્થાનો સરખાં કરતાં 0.7490 < 0.7499 < 0.7500 થાય છે.

306. ₹6300 માં 10 ખુરશી ખરીદી. દરેક ખુરશી ₹780 માં વેચતાં 20% નફો થયો. ખરીદી ઉપરાંત અન્ય કુલ ખર્ચ કેટલો થયો?

– વર્ષ 2013 †

(A) ₹100
(B) ₹150
(C) ₹200
(D) ₹300

ઉત્તર : (C)

કુલ વેચાણકિંમત ₹7800 છે. 20% નફા માટે કુલ પડતર ₹7800 ÷ 1.20 = ₹6500 થાય. અન્ય ખર્ચ ₹6500 − ₹6300 = ₹200.

307. 7.5% વાર્ષિક સાદા વ્યાજના દરે 8 માસનું વ્યાજ ₹90 થાય તો મુદ્દલ કેટલું હશે?

– વર્ષ 2014 †

(A) ₹1200
(B) ₹1500
(C) ₹1800
(D) ₹2400

ઉત્તર : (C)

સમય 8/12 વર્ષ છે. P =90×100 ÷(7.5×8/12) =₹1800.

DEMO COPY

600. નીચેનામાંથી કયો ચુંબકીય પદાર્થ છે?

– વર્ષ 2023

(A) એલ્યુમિનિયમ
(B) નિકલ
(C) કોપર
(D) પ્લાસ્ટિક

ઉત્તર : (B)

નિકલ ચુંબક તરફ આકર્ષાય છે. લોખંડ અને કોબાલ્ટ પણ ચુંબકીય પદાર્થો છે.

601. રુધિરના ગાળણની પ્રક્રિયા મુખ્યત્વે કયા અંગમાં થાય છે?

– વર્ષ 2014 †

(A) હૃદય
(B) મૂત્રપિંડ
(C) જઠર
(D) આંખ

ઉત્તર : (B)

મૂત્રપિંડના નેફ્રોનમાં ગાળણ સહિતની પ્રક્રિયાથી મૂત્ર બને છે.

વિજ્ઞાન : પદ્ધતિશાસ્ત્ર

602. વિદ્યાર્થીના વિજ્ઞાન અને તકનિકિ સંબંધિત નવીન વિચારોને પ્રોત્સાહિત કરવા રૂ. 10,000 આપવાની જોગવાઈ કઈ યોજનામાં છે?

– વર્ષ 2023

(A) વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન
(B) ઇન્સ્પાયર એવોર્ડ માનાંક
(C) નેશનલ સાયન્સ સેમિનાર
(D) નેશનલ સાયન્સ ક્વિઝ

ઉત્તર : (B)

ઇન્સ્પાયર એવોર્ડ માનાંકમાં વિદ્યાર્થીના નવીન વિચારને નમૂના કે પ્રોજેક્ટરૂપે વિકસાવવા પ્રોત્સાહન અપાય છે.

603. "પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મ, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે." આ અધ્યયન નિષ્પત્તિ તપાસવા કયો પ્રશ્ન સૌથી યોગ્ય છે?

– વર્ષ 2023

(A) લીમડાના ઝાડ નીચે કેમ ઠંડક અનુભવાય છે?
(B) બહિર્ગોળ અરીસાના વ્યવહારમાં કયા ઉપયોગ થાય છે?
(C) કાર્બનચક્ર સમજાવો.
(D) આપેલ લાક્ષણિકતાઓમાંથી લિંગી અને અલિંગી પ્રજનનની લાક્ષણિકતાઓ અલગ કરો.

ઉત્તર : (D)

અહીં વિદ્યાર્થી આપેલી લાક્ષણિકતાઓનું વર્ગીકરણ કરે છે. તેથી નિષ્પત્તિમાં અપેક્ષિત ક્ષમતાની સીધી ચકાસણી થાય છે.

604. "પ્રશ્નનો જવાબ મેળવવા સરળ તપાસ હાથ ધરે છે." આ નિષ્પત્તિ તપાસવા કયો પ્રશ્ન સૌથી ઉચિત છે?

– વર્ષ 2023

(A) દિવસ દરમિયાન આકાશનો રંગ ભૂરો કેમ દેખાય છે?
(B) ઉષ્માવહનની પ્રક્રિયા સમજાવો.
(C) આપેલ દ્રાવણ એસિડ છે કે બેઇઝ તે નક્કી કરવા તમે શું કરશો?
(D) ભૂકંપ આવે ત્યારે કઈ કાળજી લેશો?

ઉત્તર : (C)

દ્રાવણ તપાસવા સૂચકનો ઉપયોગ કરવો પડે છે. તેમાં વિદ્યાર્થી જાતે સરળ તપાસ કરીને જવાબ મેળવે છે.

605. 'ધાતુમાં ઉષ્માનું વહન' સમજાવવા કઈ વર્ગખંડ પ્રક્રિયા સૌથી અસરકારક છે?

– વર્ષ 2023

(A) મૌખિક સમજૂતી આપવી
(B) ધાતુની પટ્ટી અને ટાંકણીના પ્રયોગનો ચાર્ટ બતાવવો
(C) કાળા પાટિયા પર પ્રયોગની આકૃતિ દોરવી
(D) ધાતુની પટ્ટી અને ટાંકણીની મદદથી પ્રયોગનું નિદર્શન કરવું

ઉત્તર : (D)

પ્રયોગમાં ઉષ્માવહનની અસર જાતે જોઈ શકાય છે. પ્રત્યક્ષ નિદર્શનથી ખ્યાલ વધુ સ્પષ્ટ બને છે.

GUJDEMO

GUJTEST

ગુજરાતની દરેક પરીક્ષા, એક જ મંચ પર.

પરીક્ષાની તૈયારી, હવે GUJTEST સાથે.

ઓનલાઈન મોક ટેસ્ટ

સમયમર્યાદામાં ટેસ્ટ; પરિણામ, સમીક્ષા, પ્રગતિ અને લીડરબોર્ડ.

વિષયવાર પ્રેક્ટિસ

MCQ સાથે અભ્યાસ; જવાબ અને સમજૂતીથી સમજ મજબૂત કરો.

MCQ PDF બુક્સ

વિષયવાર PDF બુક્સ; જવાબ, સમજૂતી અને નવા ઉમેરાતા પ્રશ્નો.

ડિજિટલ બુક્સ

વિષયવાર પુસ્તકો, MCQ સંગ્રહ અને મફત ડેમો.

Also explore: TET-1 PYQ book with answers and explanations.

DEMO

પરીક્ષા વિભાગો

શિક્ષક પાત્રતા અને ભરતી

CTET પેપર 1–2 • TET-1 • TET-2
ગણિત–વિજ્ઞાન, ભાષા, સામાજિક વિજ્ઞાન
TAT-S • TAT-HS • HTAT

GSRTC અને વન વિભાગ

કંડક્ટર • ડ્રાઇવર • હેલ્પર
વનરક્ષક • વનપાલ

GSSSB અને GPSC

CCE પ્રિલિમ્સ • ગ્રુપ A–B મુખ્ય
GPSC વર્ગ 1–2 • DySO • STI

ટેક્નિકલ અને હાઈકોર્ટ ભરતી

AE • JE • ટેક્નિશિયન
આસિસ્ટન્ટ • ક્લાર્ક • સ્ટેનોગ્રાફર
પટાવાળા

પંચાયત અને પોલીસ ભરતી

તલાટી • જુનિયર ક્લાર્ક • ગ્રામ સેવક
PSI • કોન્સ્ટેબલ/LRD • જેલ સિપાહી

GUJTEST અપડેટ્સ

નવા ટેસ્ટ અને પુસ্তકોની માહિતી
Telegram: @GujTestOfficial

gujtest.com

મફત ટેસ્ટ અને પ્રેક્ટિસથી શરૂઆત કરો.

WhatsApp

+91 79842 81053

DEMO COPY